ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

### ભૂગર્ભ જળની સપાટીના સ્તર નીચે જતાં કેન્દ્ર સરકાર દ્વારા

# જિલ્લાના ૨૪૮ ગામમાં ખાસ ભૂજળ યોજના અમલી

### આ ગામોમાં ફ્લો મીટર લગાવાશે : પીઝો મીટર પણ ઉભા કરવામાં આવશે, દહેગામના ૮૬, ગાંધીનગરના ૫૩, માણસાના ૫૯, કલોલના ૫૦ ગામોમાં યોજના અમલી બનશે

ગાંધીનગર, તા. ૫

ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લઈ ભૂગર્ભ જળની સ્થિતિ ડામાડોળ થતાં ભારત સરકારે અટલ જળ યોજના અમલી બનાવી છે જેમાં ગાંધીનગર જિલ્લાના ૨૪૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આ યોજના અંતર્ગત વિવિધ કામગીરીનો રોડમેપ તૈયાર કરી અને અમલીકરણનો આરંભ પણ કરી દેવામાં આવ્યો છે.

જિલ્લાના જે ૨૪૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં માણસાના ૫૯, કલોલના ૫૦, દહેગામના ૮૬ અને ગાંધીનગરના ૫૩ ગામોનો સમાવેશ થાય છે. જિલ્લામાં ભૂગર્ભજળના વધુ પડતા ખેંચાણને કારણે પેયજળની ગુણવત્તા પર સવાલ ઉભા થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતા નર્મદાના પાણી માટેનું નેટવર્ક પણ ઉભુ કરવામાં આવ્યુ છે પરંતુ ગ્રામ્ય વિસ્તારો આ પાણી સ્વીકારવાનો ઈન્કાર કરી રહ્યા છે. જિલ્લામાં ૧૦૦ થી વધુ ગામો આ પાણી સ્વીકારવાનો ઈન્કાર કરી રહ્યા છે. તેઓ સ્થાનિક સ્રોતમાંથી જ પાણી વાપરી રહ્યા છે.

પાણી એ માનવજીવન માટે મહત્વુ છે. પાણીને બચાવવા માટે જળસંચયની વિવિધ યોજનાઓ પણ અમલી બનાવવામાં આવી છે જો કે તેના ધાર્યા પરિણામો હજુ મળ્યા નથી. જિલ્લામાં વરસાદની અનિયમિતતા પણ મહત્વનું પરિબળ છે. પાણીનો વેડફાટ અટકાવવા સરકારે જન જાગૃત્તિ અભિયાન પણ ચલાવ્યુ છે.

મળતી વિગતો મુજબ ખાસ ભૂગર્ભ જળ યોજના અંતર્ગત આ ૨૪૮ ગામોમાં પાણીની ગુણવત્તા ચકાસણી માટે ખાસ કીટો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત સતત વોટર લેવલની માપણી માટે ખાસ ઈન્ડિકેટરની સમજ આપવા સહિત તે સાધનો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે તેમજ તે માટે તાલિમબદ્ધ સ્ટાફ પણ રાખવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ ગામોમાં પાણી માટે ખાસ ફ્લો મીટર લગાવવામાં આવશે. દરેક ગામમાં આ માટે સાત જેટલા સ્થાનોની પસંદગી કરવામાં આવશે. આ મીટરનો કોઈ ચાર્જ વસુલાશે નહિ પણ જળસંચય અભિયાન અંતર્ગત કેટલુ પાણી તેમાં ગયુ તેની જાણકારી ઉપલબ્ધ થશે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર ફ્લો મીટર લગાવવાની કામગીરી હાલ ચાલી રહી છે. જિલ્લામાં આવા મીટરો દહેગામ અને માણસા તાલુકામાં હાલ લગાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨૫૬ જેટલા મીટર દહેગામ અને માણસામાં ૧૨૯ મળી કુલ ૩૮૫ જેટલા મીટર લગાવી દેવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા પસંદ કરાયેલા આ ૨૪૮ ગામોમાં વરસાદની માપણી માટેના ખાસ રેઈનગેજ પણ લગાવવામાં આવ્યા છે જેથી કેટલો વરસાદ થયો તેની માપણી થઈ શકે અને તેનુ મોનીટરીંગ જિલ્લાકક્ષાએ થશે.

● અનુસંધાન પાન-૭ પર

### દહેગામમાં ૧૦ રિચાર્જ ટ્યુબવેલ બનશે

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં ૧૦ જેટલા રિચાર્જ ટ્યુબવેલનું ડ્રીલીંગ કરવામાં આવશે જેથી વરસાદનું પાણી આ ટ્યુબવેલ થકી સીધુ ભૂગર્ભમાં ઉતારવામાં આવશે.

બીજી તરફ જિલ્લામાં સુજલામ્ સુફલામ્ અંતર્ગત તળાવોને ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં તેમની જળસંગ્રહ શક્તિમાં વધારો થશે.

### ગાંધીનગર અને માણસામાં આ વર્ષે પણ વરસાદની ઘટ રહી છે

ચાલુ વર્ષે ચોમાસા દરમ્યાન ગાંધીનગર અને માણસા તાલુકામાં ૨૦ ટકા જેટલી વરસાદની ઘટ રહી છે. ગાંધીનગરમાં અને માણસામાં વરસાદની ઘટ રહી છે તો દહેગામ અને કલોલમાં ૧૦૦ ટકા કરતાં વધુ વરસાદ સીઝનનો નોંધાયો છે.

ચાલુ વર્ષે દહેગામમાં સિઝનનો ૧૧૩ ટકા વરસાદ સીઝનના સરેરાશ વરસાદ સામે નોંધાયો છે તો કલોલમાં સિઝનની સરેરાશ સામે ૧૦૭ ટકા વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં સીઝનનો સરેરાશ ૭૯ ટકા તો માણસામાં ૮૯ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં ચોમાસાનો સરેરાશ વરસાદ ૭૬૦ મી.મી. નોંધાતો હોય છે. જેની સામે ૭૫૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સીઝનનો ૯૯.૧૬ ટકા વરસાદ નોંધાયો છે.

## નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ નિતી વિષયક નિર્ણયો નહિ કરી શકે

### બેઠક બોલાવી શકશે નહી : આગામી તા ૮ ફેબ્રુઆરી સુધી બોર્ડ ઓફ નોમિનીઝનો કામચલાઉ મનાઇ હુકમ : જવાબ રજુ કરવા માટે પણ કારણદર્શક નોટીસ

ગાંધીનગર તા ૫

ગાંધીનગર નાગરિક બેંકની ચુંટણી પ્રક્રીયા સામે સવાલો મંડરાતા આ મામલે બોર્ડ ઓફ નોમિનીઝમાં દાખલ થયેલી અરજી સંદર્ભે આગામી તા ૮ ફેબ્રુઆરીના રોજ મુદત છે. જયારે હાલ બોર્ડ દ્વારા વચગાળાનો મનાઈ હુકમ પણ જારી કરવામાં આવ્યો છે. જે મુજબ નાગરિક બેંકના હોદેદારો હાલ બેઠક પણ બોલાવી શકશે નહી તેમજ નિતી વિષયક નિર્ણય પણ લઈ શકશે નહી જયારે કામ ચલાઉ મનાઈ હુકમ કાયમી કેમ ન કરવો તેના કારણો દર્શાવવા વાદીની દાવા તથા મનાઈ હુકમની અરજીનો આગામી તા ૮ સુધીમાં જવાબ રજુ કરવા માટે પણ કારણદર્શક નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગરન નાગરિક બેંકની ચુંટણી સામે અનેક સવાલો મંડરાતા આખરે આ મામલો હાલ કોર્ટમાં ન્યાયી પ્રક્રીયા હેઠળ છે. અગાઉ નાગરિક બેંકની ચુંટણી પ્રક્રીયા સામે પ્રશ્નો ઉભા થતા વિવિધ મુદ્દાને અનુલક્ષીને બોર્ડ ઓફ નોમિનીઝ સમક્ષ રજુ થયેલી અરજીના અંતે કોર્ટે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે. જયારે આ કેસ સંદર્ભે આગામી ત ૮ ફેબ્રુઆરીની મુદત પણ આપવામાં આવી છે. આગામી તા ૮ મી એ આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરાશે નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચુંટણી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજવાની જાહેરાત અગાઉ કરવામાં આવી હતી પરંતુ બેંકમાં સતત આઠ વર્ષથી વધુ સમયથી બોર્ડ ઓફ ડિરેકટર્સ પદે રહેલા હોદેદારો સામે સવાલ ઉઠવાની સહીતના અન્ય મુદ્દાઓને અનુલક્ષી આ કોર્ટમાં દાવો રજુ કરાયો હતો. જેમાં રીઝર્વ બેંકના કાયદા મુજબ સતત આઠ વર્ષથી વધુ સમય સુધી રહી ચુકેલો બોર્ડ ઓફ ડિરેકટર્સ ચુંટણીમાં ઉમેદવારી ન કરી શકે તેવો મુદ્દો પણ ઉપસ્થિત થયો હતો જયારે આ સમગ્ર મામલે કોર્ટે આગામી તા ૮ ફેબ્રુઆરીની મુદત આપતા આ કેસના વાદી

● અનુસંધાન પાન-૭ પર

## સ્માર્ટ સીટી અંતર્ગત રોડ પહોળા કરવા ફરી વૃક્ષોનુ નિકંદન

### સેક્ટર-૨૧માં રીંગરોડ તથા તમામ આંતરિક માર્ગોને પહોળા બનાવવા લીલા વૃક્ષોનુ નિકંદન કાઢી નંખાયુ : વિકાસના કામોમાં હરિયાળીનો ભોગ લેવાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવામાં શહેરની હરિયાળીનો ખો નીકળી ગયો છે. આ યોજના હેઠળ હાલમાં સેક્ટર-૨૧ના આંતરીક માર્ગોને પહોળા કરવાનુ કામ ચાલી રહ્યુ છે ત્યારે ખૂબ મોટી સંખ્યામાં લીલા વૃક્ષોને કાપી દેવાયા છે. નગરજનો આ જોઈ હૈયા ઉકાળા કરી રહ્યા છે.

ગાંધીનગરની હરિયાળા પાટનગર તરીકેની ઓળખ ધીમે ધીમે વિસરાતી જાય છે. રાજ્યના પાટનગરમાં પદ્ધતિસર ઉછેરવામાં આવેલા હરિયાળા વૃક્ષોએ શહેરને એક આગવી ઓળખ આપી હતી.

ઘટાદાર વૃક્ષોના સાંનિધ્યમાં શાંતિથી જીવન જીવવાનુ નગરવાસીઓને ખૂબ ગમે છે. જો કે હાલમા જે પ્રકારે શહેરમાં વિકાસકાર્યો થઈ રહ્યા છે અને હરિયાળા વૃક્ષોનો ભોગ લેવાઈ રહ્યો છે તે જોતા શહેર પોતાની આગવી ઓળખ ગુમાવી દે તો નવાઈ નહી. ગાંધીનગર શહેરમાં હાલ જ્યા જુઓ ત્યાં કોઈને કોઈ નવા વિકાસકાર્યો થઈ રહ્યા છે. તેના કારણે સતત શહેરની હરિયાળી ઓછી થઈ રહી છે. શહેરનો સમાવેશ સ્માર્ટ સીટી હેઠળ થયો હોઈ હાલમાં વિવિધ સેક્ટરોના આંતરિક માર્ગોને પહોળા બનાવવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર હવે રાજ્યમાં ૪૦૦ જ્ઞાનસેતુ ડે સ્કૂલ બનાવશે

### માત્ર સરકારી અને ગ્રાન્ટ-ઈન એઈડ શાળાના બાળકોની તેજસ્વીતા પારખવા ધો. ૫ ના અભ્યાસના અંતે કોમન પ્રવેશ પરીક્ષા યોજાશે અને આ તેજસ્વી બાળકોને જ પ્રવેશ અપાશે

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક ક્રાંતિ માટે એક વધુ મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં ધો. ૬ થી ૧૨ના શિક્ષણ માટે જ્ઞાનસેતુ ડે સ્કૂલ બનાવવામાં આવશે.

હાલ રાજ્યમાં ૪૦૦ જેટલી આવી સ્કૂલો શરૂ કરવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

આ જ્ઞાનસેતુ ડે સ્કૂલનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં અભ્યાસ કરતા બે લાખ તેજસ્વી વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને ધો. ૬ થી ૧૨ સુધીનું ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડે સ્કૂલીંગ પ્રદાન કરવામાં આવશે. હાલ કરાયેલા નિર્ણય મુજબ દરેક તાલુકામાં એક તેમજ મનપા વિસ્તારમાં ઓછામાં ઓછી એક આવી સ્કૂલ બનાવાશે.

આ શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આધુનિક શૈક્ષણિક માળખુ પુરૂ પાડવાનો ઉદ્દેશ્ય છે. આ ઉપરાંત શ્રેષ્ઠ ખાનગી શાળાઓની આધુનિક ભૌતિક સુવિધાઓ, અનુભવ અને નિપુણતાનો ઉપયોગ સરકારી શાળાના બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે કરવો. શ્રેષ્ઠ ખાનગી શાળાઓ સમકક્ષ શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓ, ઉચ્ચ અધ્યયન સામગ્રી, દ્વિભાષીય શૈક્ષણિક માધ્યમ વગેરે બાબતો આ શાળાઓમાં આપવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ધો. ૧ થી ૫ ના સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાના બાળકો જ આ શાળામાં પ્રવેશ માટે અરજી કરી શકશે અને તેમાં પ્રવેશ માટે ખાસ કોમન પ્રવેશ

● અનુસંધાન પાન-૭ પર

## વિદાય લેતા શિયાળે ઠંડીની સાથે ગરમીનો પારો પણ ગરમ મહત્તમ તાપમાન ૩૨ ડીગ્રી

### ઠંડીમાં રાહત દિવસે ગરમી અને રાત્રિના ઠંડીથી જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં ગત મહીના દરમિયાન કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ જયારે ફેબ્રુઆરી મહીનામાં પણ ઠંડીનો મિજાજ ગરમ છે. જો કે ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો પરંતુ ઠંડીની સાથે દિવસના તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૨ ડીગ્રીએ પહોંચી જતા નગરજનોએ દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ કર્યો હતો. વિદાય લેતા શિયાળે ઠંડીનુ જોર યથાવત છે. જયારે ગરમીનો પારો પણ ધીમે ધીમે ઉંચકાઈ રહ્યો છે જેના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીનુ જોર વધ્યુ છે. ગઈકાલે ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી ગયો હતો. લઘુત્તમ તાપમાન ૯ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા જયારે આજે ઠંડીનો પારો ૨ ડીગ્રી ઉંચકાતા નગરજનોએ ગઈકાલની સાપેક્ષમાં ઠંડીમાં થોડી રાહત અનુભવી હતી. જયારે દિવસનુ તાપમાન ૩ ડીગ્રી ઉપર આવતા શહેરીજનોએ દિવસે ઉનાળા જેવી આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. ગત જાન્યુઆરી મહીનામાં આકરી ઠંડીએ નગરને બાનમાં લીધુ હતી સુસવાટા મારતા ઠંડા પવનના લીધે ઠંડીની અસર બેવડાઈ રહી છે. હાલમાં પણ વહેલી સવારે અને મોડીરાત્રે ઠંડીનો મિજાજ ઉગ્ર જોવા મળે છે. આજે લઘુત્તમ તાપમાન ૧૦. ૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે મહત્તમ તાપમાન ૩૨ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ.

ફેબ્રુઆરી મહીનાના દિવસો જેમ જેમ વિતતા જાય છે. તેમ દિવસનુ તાપમાન પણ વધી રહ્યુ છે. મહીનાના મધ્યભાગથી આમ પણ ગરમીનુ જોર વધશે તેમ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. જયારે ફેબ્રુઆરીના અંતમાં ઠંડી ગરમીની બેવડી સિઝનનો અહેસાસ થશે. હાલ ઠંડીનો મિજાજ પણ ગરમ છે. જયારે દિવસનુ તાપમાન પણ રોજબરોજ વધી રહ્યુ છે. જેના લીધે દિવસે ગરમી અને રાત્રિના ઠંડી જેવી મોસમનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે.

આજે ગરમીનો પારો ૩૨ ડીગ્રીએ પહોંચી જતા આગામી દિવસોમાં મહત્તમ તાપમાન વધુ ઉંચકાશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે. જયારે વિદાય લેતા શિયાળે હજુ ઠંડીનુ જોર પણ યથાવત છે. ત્યારે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ પણ કરી રહ્યા છે.



સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર - જય મહાદેવ, હર હર મહાદેવના જયઘોષ વચ્ચે બ્રહ્મભવનના પ્રાંગણમાં ૪૬ બટુકોએ યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા.... સમસ્ત બ્રહ્મસમાજ આયોજીત સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમમાં બ્રહ્મસમાજના આગેવાનો અને ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં સમાજના પરિવારો જોડાયા હતા... સવારે સમુહ યજ્ઞોપવિત અને સમુહ લગ્નોના કાર્યક્રમોથી બ્રહ્મસમાજની એકતા શહેરના જનજીવનને સ્પર્શી હતી... પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીએ સહુ બટુકોને અને સમાજને આશીર્વાદ આપ્યા હતા...

## ગાંધીનગર ડેપોમાં ડ્રાઈવરના અભાવે બસના વિવિધ રૂટનુ સંચાલન ખોરવાયુ

### મુસાફરો અટવાયા : પોષી પુનમ અને લગ્નસરાની સિઝનના લીધે ડેપોમાં ટ્રાફિક વધ્યો સામે બસને નિયત રૂટમાં દોડાવવા માટે ડ્રાઈવરના અભાવે મુસાફરો ધક્કે ચઢયા

ગાંધીનગર તા ૫

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજે મુસાફરો અટવાયા હતા. પોષી પુનમ અને નિખરતી લગ્નસરાની સિઝનના લીધે ડેપોમાં ટ્રાફિક વધ્યો હતો જયારે ડેપોમાં સવારથી જ મુસાફરોની સંખ્યા વધુ હતી આવા સંજોગોમાં બસ ડ્રાઈવરના અભાવે વિવિધ રૂટના બસોનુ સંચાલન યોગ્ય રીતે અને સમયસર ન થઈ શકતા મુસાફરો ધક્કે ચઢયા હતા. ડેપો સંકુલમાં આમ પણ મુસાફરલક્ષી સુવિધાઓ અને સલામતીનો અભાવ વર્તાય છે. ત્યારે ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે પણ અનેકવાર સલામત સવારી મુસાફરોને નસીબ થતી નથી.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ શમણાસ્વરૂપે જ છે. ડેપો સંકુલમાં મુસાફરલક્ષી સુવિધા અને સલામતીના અભાવ વચ્ચે બસોનુ સંચાલન પણ ખોરવાતા મુસાફરોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આજે પણ આવુ જ થયુ હતુ જેના લીધે રજાના દિવસે મુસાફરો અટવાયા હતા કલાકો સુધી બસ સેવા માટે વલખા મારતા નજરે પડયા હતા. આજે પોષી પુનમના પવિત્ર દિવસે ધાર્મિક સ્થળે જવા માટે પણ બસમાં ટ્રાફિક વધુ રહ્યો હતો જયારે લગ્નસરાની સિઝન પણ નિખરી છે. જેના લીધે એસ ટી ડેપોમા મુસાફરોની સંખ્યા વધી છે.

આવા સંજોગોમાં ડ્રાઈવરોની ઘટના લીધે આજે ઘણાં બધા રૂટની બસ સેવા ખેરવાઈ હતી. આવા સંજોગોમાં એસ ટી ડેપોએ રજાના દિવસે ડેપો મેનેજરે ઉંઘમાંથી ડ્રાઈવરોને ઉઠાડવાની ફરજ પડી હતી. લગ્નવર્ધિમાં અટવાયેલા ડ્રાઈવરોની શોધખોળ શરૂ કરવી પડી હતી. જો કે ડ્રાઈવર ન મળતા કેટલીક ટ્રીપ રદ કરવાની ફરજ પડી હતી. ડેપોમાં યોગ્ય સંચાલનના અભાવે મુસાફરો પણ અટવાયા હતા. ગાંધીનગર એસ ટી ડેપો કક્ષાએથી બસોના રૂટ સંચાલન સંદર્ભે અભ્યાસ કરવાની અનિવાર્યતા છે તે મામલે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે.

બીજીતરફ ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ મામલે પણ સમયસર ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

સલામત સવારીમાં અનેકવાર મુસાફરોના ખિસ્સા કપાય છે. જેના લીધે મુસાફરોની સલામતી સામે જ મોટો સવાલ ઉભો થયો છે. આવા સંજોગોમાં ડેપોમાં પોલીસ પહેરો ગોઠવવા માટે પણ અનેકવાર રજુઆત સામે કોઈ કાર્યવાહી થઈ નથી જયારે હવે સમયસર બસ સેવા ન મળતા મુસાફરો આગ બબુલા થયા છે. આડા દિવસોમાં પણ સરખેજ રૂટની બસો મળતી નથી જયારે લગ્નસરા તેમજ તહેવારના દિવસોમાં પણ બસની બુમ પડે છે. ત્યારે એસ ટી ડેપો કક્ષાએ બસના સંચાલન માટે યોગ્ય આયોજનનો અભાવ વર્તાતા સ્થાનિક નાગરિકોએ પણ યોગ્ય સમયે જરૂરી રૂટ ગોઠવવા તેમજ સ્ટાફની ઘટ નિવારવા માટે પણ માંગ કરવામાં આવી છે.

## હવે, ગાંધીનગરમાં 'ઘરનું ઘર' મોંઘુ પડશે

### જંત્રી વધતા ગાંધીનગરમાં ઘરો ખરીદવા વધુ મોંઘા થશે : જંત્રીને બમણી કરતા શહેરના પ્રોપર્ટી બજારમાં ગરમાવો : ઘરનુ ઘર હવે વધુ મોંઘુ થશે : સરકારની આવક વધશે

ગાંધીનગર, તા. ૫

જંત્રીના ભાવો રાતોરાત વધારી દેવાતા મિલ્કતો ખરીદવી મોંઘી બનશે. મધ્યમ વર્ગીય પરિવારોએ ઘરનુ ઘર ખરીદવાની તૈયારી કરી હોય તેમણે જંત્રીના ભાવો વધતાં નવેસરથી ખર્ચના ગણિત બેસાડવા પડશે. ગાંધીનગરમાં કુડાસણ, રાયસણ જેવા વિસ્તારોમાં મકાન ખરીદવુ હવે વધુ મોંઘુ થઈ જશે.

રાજ્ય સરકારે એક જ ઝાટકે જંત્રીના ભાવો બમણા કરી દેતા પ્રોપર્ટી માર્કેટમાં હલચલ મચી ગઈ છે. જંત્રીના વધેલા ભાવોથી બિલ્ડરો અને ગ્રાહકોનુ ગણિત બગડી જશે. થોડા સમય માટે નવા સોદા અટકી જતા પ્રોપર્ટી માર્કેટમાં મંદી આવી શકે છે. એકાએક જ રાજ્યમાં તમામ સ્થળોએ જંત્રીના ભાવો વધારવાનો નિર્ણય લેવાતા ડેવલોપર્સ અને બિલ્ડર્સ આંચકો અનુભવી રહ્યા છે. ગાંધીનગરમાં હાલમાં પ્રોપર્ટી માર્કેટ ભારે તેજીમાં છે. કુડાસણ, રાયસણ અને સરગાસણ વિસ્તારમાં હાલ નવા પ્રોજેક્ટ્સ ખુબ જ ઝડપથી ડેવલપ થઈ રહ્યા છે. નવી જંત્રી જાહેર થતાં આ તમામ પ્રોજેક્ટ્સ પર અસર પડશે. જંત્રીના ભાવો ડબલ થતાં ગાંધીનગરની તમામ પ્રોપર્ટીના ભાવ વધી શકે છે.

બિલ્ડરો અને ડેવલપર્સે હવે નવા ભાવ પ્રમાણે ગ્રાહકોને દસ્તાવેજ કરી આપવાનો હોઈ બ્લેક અને વ્હાઈટ મનીની માથાકુટ વધી ધશે. આ ઉપરાંત દસ્તાવેજનો ખર્ચ વધી જશે જે પણ ગ્રાહકોના શીરે આવશે. જંત્રી વધતા સરકારની આવક બમણી થશે પરંતુ પ્રોપર્ટી માર્કેટમાં મંદી આવી શકે છે.

હાલ આ મુદ્દે બિલ્ડરો અને ડેવલોપરો વિરોધ કરી રહ્યા છે. ગુજરાતના અગ્રણી બિલ્ડરો આજે મુખ્યમંત્રીને મળ્યા હતા અને જંત્રી વધારાના નિર્ણય મુદ્દે ફેર વિચારણા કરવા રજૂઆત કરી હતી. જંત્રી વધારાનો નિર્ણય બે થી ત્રણ મહિના મુલ્તવી રાખવા પણ રજૂઆત કરાઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com